IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભારતમાં ટકાઉ વિકાસના ધ્યેયોમાં ગુજરાતની વર્તમાન સ્થિતિ

Shobhana Meniya

Research Scholar

Gujarat Vidyapith,

Ahmedabad

**પ્રસ્તાવના :**

આર્થિક વિકાસ એક પ્રક્રિયા છે, સતત ચાલતી પ્રક્રિયા છે, આર્થિક સુખાકારી પ્રાપ્ત કરવાનું સાધન છે. તેથી આર્થિક વિકાસ શબ્દનો વ્યાપ એટલો મોટો છે કે આર્થિક વિકાસમાં આર્થિક વૃદ્ધી, આર્થિક સુખાકારી, આર્થિક પ્રગતી પણ સમાઈ જાય છે. આર્થિક વિકાસ દરમિયાન પણ વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક વધે છે પણ આર્થિક વિકાસ એ માત્ર પરિમાણાત્મક ફેરફારો નથી તેમાં આવકના વધારાની સાથે કેટલાક ગુણાત્મક ફેરફારો પણ થાય છે.આર્થિક વિકાસ સાધવા માટે કુદરતી સંસાધનોનો વ્યાપક પણે શોષણ કરવામાં આવે છે. વ્યક્તિ જેટલા કુદરતી સંસાધનો છે તેટલો ઉપયોગ કરશે તો સંતુલન જળવાય રહેશે.

**ટકાઉ વિકાસનો અર્થ:**

યુનેસ્કોના મતે" પ્રત્યેક પેઢી પૃથ્વી પર આવી ત્યારે જે પરિસ્થિતિમાં જળ, જમીન, વાયુ અને જંગલ સંસાધન હતા તે પરિસ્થિતિમાં પૃથ્વીને શુધ્ધ અને પ્રદુષણમુક્ત છોડીને જાય"

જહોન પીઝીના મતે"ભવિષ્યમાં આવનારી પેઢીઓ માટે ન ઘટનારો તુષ્ટિગુણ "

વૈશ્વિક પર્યાવરણ અને વિકાસ સંગઠનના મતે"ભાવી પેઢીની જરૂરિયાત પૂરી કરવાની ક્ષમતાનેનુકશાન પહોચાડ્યા સિવાય જરૂરિયાતો સંતોષવી."

**સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (millennium development goals) MDGs:**

સંયુક્તરાષ્ટ્ર સંઘ (UNO) દ્વારા વિશ્વના કુલ ૧૮૯ દેશોના પ્રતિનીધીઓની એક મીટીંગ સપ્ટેમ્બર, ૨૦૦૦માં મીલેનીયમ સમિટ અંતર્ગત યોજવામાં આવેલ જેમાં ૧૮૯ દેશોના પ્રતિનિધીઓએ પોતપોતાના સંબંધિત દેશો વતી પોતાના દેશમાં આંત્યાંતિક ગરીબીમાં ઘટાડો કરવા માટે નવી વૈશ્વિક ભાગીદારીના સંદર્ભમાં કટિબધ્ધ્તા દર્શાવી અને તે અનુસાર અનેક સમયબધ્ધ લક્ષ્યાંકો નક્કી કર્યા. જેની સમયસીમા વર્ષ-૨૦૧૫ રાખવામાં આવી. જેને સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (millennium development goals) તરીકે ઓળખવામાં આવે છે.

આ સહસ્ત્રાબ્દી વિકાસના ૮ લક્ષ્યાંકો છે અને પેટા લક્ષ્યાંકો ૧૮ અને ૪૮ નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે.

૧) આંત્યતિક ગરીબી તથા ભૂખમરાની નાબુદી
૨) સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સિધ્ધ કરવું.
૩) જતી સમાનતા અને સ્ત્રી સશક્તિકરણ પ્રોત્સાહન
૪) બાળ મૃત્યુદર ઘટાડવો
૫) પ્રસુતાના આરોગ્યમાં સુધારો કરવો.
૬) HIV/ એઇડ્સ, મલેરિયા તથા અન્ય રોગોનો પ્રતિકાર કરવો.
૭) લાંબો સમય પર્યાવરણ ટકી રહે તેસુનિશ્ચિત કરવું.
૮) વિકાસ મતે વૈશ્વિક ભાગીદારી વિકસાવવી.

**ટકાઉ વિકાસના ધ્યેયો (sustainable development goals ) SDGs:**

સહસ્રાબ્દી લક્ષ્યાંકો ની સમયસીમા પૂરી થતાં 8 લક્ષ્યાંકોમાં વધારો કરીને સપ્ટેમ્બર 2015 માં મળેલી સયુંકત રાષ્ટ્રની ઐતિહાસિક મહાસભ્યમાં 193 સભ્ય રાજ્યો દ્વારા 17(SDGs) અને 169 લક્ષ્યાંકો સ્વીકારવામાં આવ્યા છે અને તે 1 જાન્યુઆરી 2016 થી અમલમાં આવી ચૂક્યા છે અને આ 17 ધ્યેયોને પૂર્ણ કરવા માટેની સમય અવધિ 2030 સુધીની રાખવામાં આવી છે.

**ટકાઉ વિકાસના ધ્યેયો (SDGs):**

1) ગરીબીથી મુક્તિ : આખા વિશ્વમાં ગરીબીનો તેના તમામ સ્વરૂપોમાં અંત આણવો
2) ભૂખમરાની નાબુદી : ભૂખમરાનો અંત આણવો, ખાદ્ય સુરક્ષા અને ઉન્ન્ત પોષણક્ષમતાને સિદ્ધ કરવી અને પર્યાવરણને અનુકુળ કૃષિને પ્રોત્સાહન આપવું.
3) સારું આરોગ્ય અને સુખાકારી : આરોગ્યપ્રદ જીવન સુનિશ્ચિત કરવું અને તમામ વયના તમામ લોકોની સુખાકારીને પ્રોત્સાહિત કરવી.
4) ગુણવત્તાસભર શિક્ષણ : સર્વગ્રાહી અને સમાન ગુણવત્તાસભર શિક્ષણની ખાતરી અને બધા માટે આજીવન શિક્ષણની તકો
5) જાતીય સમાનતા : જાતિ સમાનતા હાંસલ કરવી તથા બધી જ સ્ત્રીઓ અને છોકરીઓનું સશક્તિકરણ
6) સ્વચ્છ પાણી અને સ્વચ્છતા : સર્વે માટે પાણી અને સ્વચ્છતાની સતત ઉપલબ્ધતાની ખાતરીનું સંચાલન
7) પોષાય તેવી અને સ્વચ્છ ઉર્જા : તમામને પોષાય તેવી વિશ્વસનીય, ટકાઉ અને આધુનિક ઉર્જાની ઉપલબ્ધતાની ખાતરી
8) શ્રેષ્ઠ કામગીરી અને આર્થિક વૃધ્ધિ : સર્વે માટે સર્વગ્રાહી અને નિરંતર આર્થિક વૃદ્ધિ, સંપૂર્ણ અને ઉત્પાદકીય રોજગાર અને સંતોષકારક કાર્યને પ્રોત્સાહન
9) ઉદ્યોગ, નવતર પ્રયાસ અને માળખું : સુસ્થિતિસ્થાપક આંતરમાળખું ઉભું કરવું, વ્યાપક અને નિરંતર ઔધ્યોગીકરણ અને નવીનીકરણના ઉછેરને (foster development) પ્રોત્સાહન
10) અસમાનતામાં ઘટાડો: આંતરિક અને વિવિધ દેશો વચ્ચેની અસામનતા ઘટાડવી.
11) નિરંતર શહેરો અને સમુદાયો : શહેરો અને માનવ વસાહતો, વ્યાપક સલામત સ્થીતીસ્થાપક અને નિરંતર બનાવવી.
12) નિરંતર વપરાશ અને ઉત્પાદન: નિરંતર વપરાશ અને ઉત્પાદનના માળખાની ખાતરી
13) આબોહવાને લગતા પગલા: આબોહવા પરિવર્તન અને તેની અસરોનો સામનો કરવા માટે તાત્કાલિક પગલા લેવા.
14) પાણી તળેનું જીવન: મહાસાગરો, સમુદ્રો અને દરિયાઇ સ્ત્રોતોનું સંરક્ષણ અને નિરંતર વિકાસ થાય તેવો વપરાશ
15) જમીન પરનું જીવન: જંગલોના નિરંતર રક્ષણ, રણને વધતું અટકાવવા, પ્રાદેશિક ઇકોસિસ્ટમનું રક્ષણ, પુનઃસ્થાપન અને વપરાશ માટેનુ પ્રોત્સાહન, અને જમીનના ધોવાણની અટકાયત તથા તેની સુધારણા અને જૈવવિધ્ધાતાનું નુકશાન અટકાવવું.
16) શાંતિ, ન્યાય અને મજબુત સંસ્થાઓ : નિરંતર વિકાસ માટે શાંતિપૂર્ણ અને સર્વગ્રાહી પ્રોત્સાહન, સર્વેને ન્યાયની ઉપલબ્ધતા પૂરી પાડવી અને તમામ સ્તરે અસરકારક જવાબદાર અને વ્યાપક સંસ્થાઓનું નિર્માણ
17) ધ્યેયો માટે ભાગીદારી : મજબુત અને નિરંતર વિકાસના અમલીકરણ માટે વૈશ્વિક ભાગીદારીનો પૂર્ણોદ્ધાર

**ટકાઉ વિકાસ આંક (સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતનું સ્થાન)-2020-21**

આ આંક સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો માટે UNDPદ્વારા બહાર પાડવામાં આવે છે. બધા જ દેશોને તેમના એકંદર સ્કોરના આધારે ક્રમ આપવામાં આવ્યો છે. 17 SDGs હાંસલ કરવા તરફની પ્રગતિને એકંદર સ્કોર માપે છે. મહતમ મૂલ્ય 100 છે. 193 દેશો UNના સભ્ય રાષ્ટ્રો છે. તે બધા સભ્ય રાષ્ટ્રોની ટકાઉ વિકાસ આંકની ગણતરી કરવામાં આવે છે.

| Sr. no. | country | SDG index score | SDG rank |
|---|---|---|---|
| 1 | Finland | 85.9 | 1 |
| 2 | Sweden | 85.6 | 2 |
| 3 | Denmark | 84.9 | 3 |
| 4 | Germany | 82.5 | 4 |
| 5 | India | 60.1 | 120 |

ઉપરોક્ત કોષ્ટકના આધારે જોઇ શકાઇ છે કે 193 દેશોમાં ભારત 120 ક્રમ પર આવે છે જ્યારે ફિનલેન્ડ પ્રથમ ક્રમ પર છે 2019 માં ભારતનું સ્થાન 115 પર હતું અને સ્કોર 61.1 હતો.

**ટકાઉવિકાસ આંક (ભારતમાં ગુજરાતનું સ્થાન): 2020-21**


નીતિ આયોગ દ્વારા જે નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા હતા તેના આધારે ગુજરાતમાં ટકાઉ વિકાસના ધ્યેયો માટેનો આંક નક્કી કરવામાં આવ્યો છે. તેમાં Aspirant (0-49), performer(50-64), front runner(65-99),achiver (100) પ્રમાણે રાજ્યની સ્થિતિ નક્કી કરવામાં આવે છે.

**Aspirant(0-49)**
1.goal-2(zero hunger-46)
2.goal -5(gender equality-49)

**Performer(50-64)**
1.Goal-4(quality education-52)
2.Goal-8(decent work and economic growth-64)
3.Goal-10(redused inequalities-64)
4.Goal-12(Responsible consumption &production-50).

**Frount Runner (65-99)**
1.Goal-1(No Poverty-66)
2.Goal-3(good health and well Being-86)
3.Goal-6(Clean Water and Sanitation-93)
4.Goal-7(Affordable & clean Energy-94)
5.Goal-9(Industry, Innovation & Infrastructure-72)
6.Goal-11 (Sustainable cities &Communities-87)
7.Goal- 14(Life Below Water-67)
8.Goal-15(Life on Land-96)
9.Goal-16(Peace, Justice & Strong Institutions-82).

**Achiver______**





ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે 2019-20 માં જે ગુજરાતનાં ધ્યેયની જે સ્થિતિ હતી તેમાંથી 2020-21માં કુલ 12 ધ્યેયના આંકમાં વધારો થયેલો જોવા મળે છે જ્યારે 3 ધ્યેયમાં થોડો ઘટાડો થયેલો જોવા મળે છે.

**ગુજરાતનું ટકાઉ વિકાસના ધ્યેયોમાં વર્તમાન સ્થિતિ :**

**Goal 1 – NO POVERTY :**

ગરીબી નાબૂદીને માપવા માટે 6 રાષ્ટ્રીય નિર્દેશકો પસંદ કરવામાં આવ્યા છે જે નક્કી કરેલ બધા જ લક્ષ્યાંકને આવરી લેશે. આ બધા જ નિર્દેશકોનો માહિતીની પ્રાપ્યતા પર બનાવવામાં આવેલા છે.





ગરીબી નાબૂદીનો સ્કોર બધા રાજ્યોનો 32 અને 86 ની વચ્ચે છે જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશનો સ્કોર 61 અને 81 ની વચ્ચે છે. રાજ્યમાં તમિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશમાં દિલ્હીની સ્થિતિ સૌથી સારી છે.

ગરીબી નાબૂદી માટે નીતિ આયોગ દ્વારા 6 નિર્દેશક નક્કી કરવામાં આવ્યા છે તેના આધારે ગરીબી નાબૂદીનો આંક ગણવામાં આવ્યો છે.


**Goal-2 ZERO HUNGER**

ભૂખમરા નાબૂદી માટે કુલ 7 નિર્દેશક નક્કી કરવામાં આવ્યા છે. છે જે નક્કી કરેલ બધા જ લક્ષ્યાંકને આવરી લેશે. આ બધા જ નિર્દેશકોનો માહિતીની પ્રાપ્યતા પર બનાવવામાં આવેલા છે.





ભૂખમરા નાબૂદીનો સ્કોર બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશનો સ્કોર 97 અને 19 ની વચ્ચે છે. જેમાં ગુજરાતનો સ્કોર 46 છે.


**GOAL 3 Good Health And Well Being :**
સારું સ્વાસ્થ્ય અને સુખાકારી ધ્યેય માટે કૂલ 10 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે જેના દ્વારા જે આંક મળી આવ્યો છે તેમાં રાજ્યોમાં ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશમાં દિલહઓ સૌથી સારી સ્થિતિ ધરાવે છે.




**Goal- 4 Quality Education :**
ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે કૂલ 11 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે તેમાં રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો 80 થી 29 વચ્ચેનો આંક ધરાવે છે. જેમાં ગુજરાતનો આંક 52 છે.





**Goal- 5 Gender Equality**
લૈંગિક સમાનતા માટે કૂલ 9 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશનો 68 થી 25 ની વચ્ચે આંક છે જેમાં ગુજરાતની સ્થિતિ 49 છે.





**Goal -6 Clean Water AndSanitation:**

સ્વચ્છ પાણી અને સ્વચ્છતામાં કૂલ 8 નિર્દેશકોની ગણતરી કરવામાં આવી છે. જેમાં રાજ્યોની સ્થિતિમાં ગુજરાતની સ્થિતિ સૌથી સારી છે.





**Goal- 7 Affordable and Clean Energy**

પોષાય તેવી અને સ્વચ્છ ઊર્જા માટે 2 નિર્દેશક નક્કી કરવામાં આવ્યા છે. જેમાં બધા રાજ્યની સ્થિતિમાં ગુજરાત સૌથી આગળની સ્થિતિ ધરાવે છે. જ્યારે સૌથી નબળી સ્થિતિ રાજસ્થાનની છે.




**Goal-8 Decent Work and Economic Growth**

શ્રેષ્ઠ કામગીરી અને આર્થિક વૃધ્ધિમાં કૂલ 9 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. તેના આધારે આંક નક્કી કરવામાં આવ્યો છે, જેમાં સૌથી સારી સ્થિતિ હિમાચલ પ્રદેશની છે. અને સૌથી નબળી સ્થિતિ ત્રિપુરાની છે.





**Goal -9 Industry, Innovation and Infrastructure**

ઉદ્યોગ, નવતર પ્રયાસ અને માળખામાં કૂલ 7 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં બધા જ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં ગુજરાતની સ્થિતિ સૌથી સારી છે જ્યારે અંદમાન અને નિકોબાર ટાપુની સ્થિતિ સૌથી નબળી છે.





Goal -10 **Reduced Inequalities**


અસમાનતામાં ઘટાડો જેમાં કૂલ 7 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં સૌથી સારી સ્થિતિ છત્તીસગઢની છે જ્યારે ઉત્તર પ્રદેશની સ્થિતિ સૌથી નબળી છે. ગુજરાતનો આંક 64 છે.




Goal- 11 **Sustainable Cities and Comminities**
નિરંતર શહેરો અને સમુદાયો માં કુલ 8 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં સૌથી સારી સ્થિતિ છત્તીસગઢ અને સૌથી નબળી સ્થિતિ અરુણાચલ પ્રદેશની છે. ગુજરાતનો આંક 64 છે.





Goal- 12 Responsible consumption and Production
નિરંતર વપરાશ અને ઉત્પાદનમાં કુલ 7 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે જેમાં હરિયાણાની સ્થિતિ સૌથી સારી છે જ્યારે ગોવાની સ્થિતિ સૌથી નબળી છે અને ગુજરાતનો આંક 50 છે.




Goal -13 Climate Change

ગ્લોબલ વોર્મિંગમાં 5 રાષ્ટ્રીય નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે બધા રાજ્યોમાં 16 અને 70 ની વચ્ચે સ્કોર છે જ્યારે કેન્દ્ર શાસિત પ્રદેશમાં 18 અને 77 ની વચ્ચે છે. ઓડિશા(70) અને અંદમાન નિકોબાર ટાપુ(77)ની સ્થતિ સૌથી સારી છે જ્યારે નબળી સ્થિતિ બિહાર(16)નીછે જ્યારે ગુજરાતનો આંક 67 છે જે ભારતના આંક કરતાં વધારે છે.





Goal -14 life below water

જળ નીચેના જીવનને માપવા માટે પાંચ રાષ્ટ્રીય કક્ષાના નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે, જે કૂલ દસ ટાર્ગેટને પૂરા કરવામાં મદદરૂપ થશે. આ નિર્દેશકો માહિતીની પ્રાપ્યતા પર પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી ત્રણ નિર્દેશકોમાં પાણીની ગુણવત્તાની માપણી કરવાની છે, પાણીની નીચેનું જીવન લક્ષ્ય તરીકે સેટ કરી શકે તેવું કોઈ ચોક્કસ જથ્થાત્મક રાષ્ટ્રીય અથવા વૈશ્વિક ધોરણ નથી. વિવિધ વાતાવરણીય અને દરિયાકાંઠાની પ્રક્રિયાઓને કારણે અનુમતિપત્ર મર્યાદા મોસમી અને અવકાશી વધઘટ માટે સંવેદનશીલ હોય છે. તદઉપરાંત, દરિયાકાંઠાના ભાગમાં, પાણીનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે થાય છે અને ઉપયોગ અને પ્રવૃતિઓના પ્રકારો અનુસાર સ્વીકારી પાણીની ગુણવત્તામાં ફેરફાર થાય છે. આ ધ્યેય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સંયુક્ત સ્કોર રજૂ કરે છે. આ ધ્યેય માટે 9 દરિયાકાંઠાના રાજ્યો પસંદ કરવામાં આવ્યા છે જેમાં બધા રાજ્યોનો સ્કોર 11 અને 82 ની વચ્ચે છે. ઓરિસ્સા અને આંધ્રપ્રદેશ 65-99 ની શ્રેણીમાં આવે છે જ્યારે કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ, ગોવા અને પશ્ચિમ બંગળનો સમાવેશ 50-64 ની શ્રેણીમાં સમાવેશ થાય છે અને તમિલનાડુનો સમાવેશ 0-49માં થાય છે. આમાં ગુજરાતનો સ્કોર 57 છે.





**Goal-15Life on Land**

જમીન પરના જીવન ધ્યેય માટે કૂલ 6 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં બધા જ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશનો સ્કોર 96 થી 27 ની વચ્ચે છે. જેમાં ગુજરાત સૌથી સારી સ્થિતિ ધરાવે છે. અને સૌથી નબળી સ્થિતિ લદાખની છે.




**Goal- 16 Peace, Justice and Strong Institution**

ધ્યેય-16 માટે કૂલ 8 નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશનો સ્કોર 86-46 ની વચ્ચે છે. જેમાં સૌથી સારી સ્થિતિ પર પોંડિચેરી છે જ્યારે નબળી સ્થિતિમાં અંદમાન અને નિકોબાર ટાપુ છે. આ ધ્યેયમાં અંદમાન અને નિકોબાર ટાપુને બાદ કરતાં બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશનો સ્કોર 50 થી 99ની વચ્ચે છે.




**Goal-17 Partnership for the goals**

છેલ્લા દાયકામાં લક્ષ્યો માટે ભાગીદારી, વિકાસ સહકાર અને ભાગીદારીમાં ભારતની ભૂમિકા, ખાસ કરીને વૈશ્વિક સ્તરે નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. ભારતે વૈશ્વિક દેશો માટે એક મંચ અને પ્લેટફોર્મ પ્રસ્તાવ કરતી નીતિ ગઠબંધનની રચનામાં સક્રીયપને યોગદાન આપ્યું છે. આઈએસએ (ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ ), સીડીઆરઆઈ(આપતી સ્થિતિસ્થાપક્ત ઇન્ફ્રાસ્ટ્રકચર )બ્રિક્સ અને નવી વિકાસ બેન્ક, આઇબીએસએ જેવા અનેક ક્ષેત્રે સહકાર આપ્યો છે. આમ, ટકાઉ વિકાસના બધા જ ધ્યેયોને પૂર્ણ કરવા માટેની ભાગીદારી ધ્યેય નંબર 17 દ્વારા પૂરી પાડવામાં આવે છે, તેના દ્વારા એવા બધા જ પ્રયાસો કરવામાં આવે છે જેના લીધે બીજા બધા જ ધ્યેયનો જેટલો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તેને પ્રાપ્ત કરી શકે.

ઉપસંહાર:

આમ, ટકાઉ વિકાસના ધ્યેયો માટે કૂલ 169 લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે, બધા જ ધ્યેયમાં તેની માહિતીની પ્રાપ્યતા હોય તે પ્રમાણે નિર્દેશક બનાવવાં આવ્યા છે તેના આધારે બધા જ ધ્યેયોનો સયુક્ત આંક મળી આવે છે જેને ટકાઉ વિકાસ આંક તરીકે ઓળખવામાં આવે છે. 2020-21 માં ગુજરાતનો ટકાઉ વિકાસ આંક 69 હતો.

સંદર્ભ સૂચિ:

1. SDG INDIA Index & Dashboard 2020-21 Partnerships in the Decade of Action- NITI Aayog
2. SDG india index 2018-19
3. SDG india index 2019-20
4. SDG india index 2020-21
5. SDG Gujrati bookletI NITI AAYOG